# અરુણોદય

નવેમ્બર-૨૦૨૩
અંક - ૫૪

સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા




## નૂતન વર્ષાભિનંદન

અનુક્રમણિકા

- નૂતન વર્ષાભિનંદન
- નવા વરસનાં રામ રામ રામ રામ
- અમૃતકાળને કર્તવ્યકાળ બનાવતું નવું ભારત
- શ્રદ્ધા - સબુરી રાખો સાહેબ,એજ સાચો સથવારો...
- નાનકડું કોડિયું
- ગામડાઓમાં ઘરમાં/મકાનમા કઈ વસ્તુને આપણે કયા નામે ઓળખતા
- ઓ મારા પ્યારા વતન
- શાળાની પ્રવૃત્તિઓ

ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' નવેમ્બર- ૨૦૨૩ ,અંક-૫૪ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# નૂતન વર્ષાભિનંદન



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

उत्सवप्रिया: खलु मानवा :


( ખરેખર , માણસોને તહેવાર વહાલા છે )


દીપાવલી આપણાં દેશનો મહાઉત્સવનો દિવસ છે. જેની ખુબ આતુરતા પૂર્વક આપણે રાહ જોઈ રહયા હતાં. દીપાવલી આપણાં વિક્રમ સંવતનો અંતિમ દિવસ પણ ગણાય છે. દીપાવલીનાં બીજા દિવસથી નવું વર્ષ આરંભાય છે.

આમ તો દીપાવલી (દીવાળી) પાંચ તહેવારોનો સમૂહ છે (૧) ધનતેરસ (૨) કાળી ચૌદસ (૩) દિવાળી (૪) નૂતન વર્ષ (૫) ભાઈ બીજ .

દીવાળીની તિથિ અમાસ હોય છે પરંતુ એ અમાસની અંધારી રાતને દીવડાઓ પ્રગટાવીને આપણે અજવાળીએ છીએ તેવી જ રીતે જીવનમાં અજ્ઞાનરૂપી અંધકારને પણ જ્ઞાનરૂપી દીવડાથી પ્રકાશવાનો પ્રસંગ એટલે દીપાવલી દીવાળી.

નૂતન વર્ષ એ વર્ષનો પ્રારંભ એટલે નવા સંવતનો પ્રારંભ છે સાથો સાથ જીવનમાં પ્રગતિ માટે જરૂરી કેટલાંક નવા સંકલ્પો , નવા સંબંધો , નવા વિચારો અપનાવીને પ્રગતિનાં પ્રસ્થાનનું સૂચક પણ છે.





આપ સૌને શુભ દીપાવલી તથા નૂતન વર્ષાભિનંદન





# નવા વરસનાં
# રામ રામ રામ રામ



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક


ગુજરાતી મહિનાઓમાં આસોમાસ ની અમાસ નો દિવસ એટલે દિવાળી. વિક્રમ સંવત 2079 નો અંતિમ દિવસ. ત્યાર પછી શરૂ થતું 2080 નું વર્ષ એટલે નવું વરસ. નવા વરસનો તહેવાર એ દિવાળીના વિવિધ તહેવારોની શૃંખલામાંનો એક દિવસ ગણવામાં આવે છે. અંધકાર ઉપર પ્રકાશનો વિજય એટલે દિવાળી જ્યારે નવા સંકલ્પો , ધ્યેયો લઈ સાકાર કરવાની ઉર્જા આપતો તહેવાર એટલે નવું વરસ . આજે પણ લોકો નવા વરસે દિવાળીના રામ રામ એમ બોલે છે. સમય બદલાતા લોકો નવા વરસને **Happy New Year** કહે છે પરંતુ જે આનંદ, આત્મીયતા રામ રામ બોલવામાં છે તે કદાચ બીજા શબ્દોમાં ન હોઈ શકે.

શહેરીકરણ અને આધુનિકીકરણની આંધળી દોટ માણસને યંત્રવત બનાવી મૂકે છે. લાગણી શુષ્ક માનવ પાસે બીજાને મળવાનો સમય નથી હોતો. પહેલાંના સમયમાં સવારની પ્રહર માં લોકો એકબીજાને ઘરે રામ રામ બોલતાં બોલતાં ભેટી પડતાં. એ દૃશ્યો આજે ફક્ત ફોર્માલીટી બની ગયા છે. વિભક્ત કુટુંબો ની ઘેલછા માનવમાં એકલવાયા પણું લાવી દે છે. એકલા ફાવતું નથી અને બીજા કોઈ સાથે પોસાતો નથી એવી હાલત આજના માનવની છે.

રામ રામ ના બદલે મરા મરા જીવન જીવતા માણસ પાસે ક્યાંથી સ્નેહની અપેક્ષા રાખી શકાય ? ડિજીટલ યુગમાં ભલે માનવ જીવતો હોય પણ કુટુંબની હુંફ ,પ્રેમ યાંત્રિક સાધનો આપી શકે નહિ. લોકોની ભાગદોડ ભરેલી જિંદગીમાં ફક્ત ઔપચારિકતા જ દેખાતી રહેલી છે. જ્યારે રામ રામ કહીને આનંદથી મળતાં માણસમાં ચૈતન્ય દેખાય છે.

જે રીતે રાત્રે બીડિલા પુષ્પો સવારે ખીલે એવી રીતે આપણે પણ નવા પ્રભાતે જીવન ખિલાવીએ , આશાનો દિપક જલાવી નૈરાશ્ય બાળીએ , ડરનું દફન કરીને નિર્ભય થવાનું શીખીએ અને સૌ માં રહેલા રામને પીછાણીએ.

વિક્રમ સંવત 2080 ને વધાવીએ અને સૌ માં રહેલાં રામનું સ્મરણ કરી રામને રાજી રાખીએ બધાને નવા વરસના રામ રામ રામ રામ.





# અમૃતકાળને કર્તવ્યકાળ બનાવતું નવું ભારત



**Dr. Parth Patel**
Assistant Manager
Public Relations ,GMDC

ભારત સ્વતંત્રતાના સાડા સાત દાયકા પૂરા કરી આજે વિશ્વમાં મોટા લોકતાંત્રિક રાષ્ટ્ર તરીકે ઉન્નત મસ્તકે ઊભું છે. આઝાદીની 75 મી વર્ષગાંઠને ઉત્સવનું રૂપ આપીને નવા ભારતના સંકલ્પને સાકાર કરવા માટે બે વર્ષથી વધુ સમય સુધી ચાલેલો અમૃત મહોત્સવ નવા ભારતના પાયાનો અવિસ્મરણીય કાળખંડ છે. તે વિકસિત ભારતના વિરાટ લક્ષ્ય સાથે આગળ વધી રહેલા નવા ભારતનો આધારસ્તંભ બન્યો છે. કેન્દ્ર સરકારની નવી પહેલ, કાર્યક્રમો અને સ્પર્ધાઓ દ્વારા બે લાખથી વધુ કાર્યક્રમોમાં 140 કરોડ લોકોની જન ભાગીદારીએ ભારતના વર્તમાન અને ભવિષ્યની યોજનાઓને આકાર મળ્યો છે. પરંતુ આઝાદીના પાયા પર ઉભેલી આ ભવ્ય ઈમારત રાષ્ટ્રનું મુકામ નથી, તે માત્ર માર્ગ છે, એક નવા ભારતની શરૂઆત છે.

ભારતની સંસ્કૃતિમાં કહેવામાં આવ્યું છે કે, 'उत्सवेन बिना यस्मात् स्थापनम् निष्फलम् भवेत्' . એટલે કે ઉત્સવ વગર કોઈ પણ પ્રયાસ, કોઈપણ સંકલ્પ સફળ થતો નથી. જ્યારે કોઈ સંકલ્પ ઉત્સવનું રૂપ ધારણ કરે છે ત્યારે લાખો કરોડો લોકોની સંકલ્પ શક્તિ અને ઉર્જા તેમાં જોડાઈ જાય છે. આ લાગણીએ 140 કરોડ દેશવાસીઓને સાથે રાખીને, તેમને સાથે જોડીને આઝાદીના અમૃત ઉત્સવની ઉજવણી શરૂ કરી. મહત્વના મુકામ તરફ આગળ વધી રહેલા અમૃત મહોત્સવમાં જન ભાગીદારી પાયાની લાગણી બની હતી. આઝાદીના અમૃત ઉત્સવે જન ભાગીદારીથી આત્મનિર્ભરતાના સંકલ્પને આંદોલન બનાવ્યું, તો કળા સંસ્કૃતિ, ગીત અને સંગીતના રંગો પણ તેમાં ઉમેરાયા. ઈનોવેશન ચેલેન્જ હોય, હર ઘર તિરંગા અભિયાન હોય, રાષ્ટ્રગીત હોય કે સ્વાતંત્ર સેનાનીઓ, રંગોળી સ્પર્ધા, દરેક ઘરમાં બાળકો, યુવાનોથી લઈને મહિલાઓ સુધીની લોક ભાગીદારી જોવા મળી હતી.

નવેસરથી પોતાને પરિભાષિત કરી રહેલા ભારતમાં પરિવર્તનની અગણિત ગાથાઓ છે જે આઝાદીના અમૃત મહોત્સવની સારથી બની ગઈ છે. જે રીતે આઝાદીની ચળવળ દરમિયાન સામાન્ય લોકોની સહભાગીતા દેખાતી હતી અને ચરખા, મીઠું, સ્વદેશી જેવા પ્રતિકોએ જન માનસને આઝાદની લડત સાથે જોડી દીધું હતું, એવી જ રીતે આઝાદીનો અમૃત મહોત્સવ ભારતના નવનિર્માણનું પ્રતીક બનીને ઉદયમાન થયો છે. ખરા અર્થમાં કહીએ તો આઝાદીના અમૃત મહોત્સવનું મંથન આઝાદીની ઉર્જાનું અમૃત, નવા વિચારોનું અમૃત, નવા સંકલ્પોનો અમૃત અને આત્મનિર્ભરતાનું અમૃત બનીને વિકસિત રાષ્ટ્રના સંકલ્પોનું સાધન બન્યું છે. આ સમયગાળામાં દેશનો દરેક નાગરિક સંકલ્પોની સિદ્ધિ માટે સૈનિક બન્યો છે.

આજનું નવું ભારત યુવા ભારત છે. ખૂબ જ ઉર્જાથી છલકાતું ભારત છે. 21મી સદીના આ ત્રીજા દાયકામાં આપણી પાસે આ સ્વર્ણિમકાળ આવ્યો છે. આ સ્વર્ણિમકાળની દરેક સેકન્ડનો પૂરેપૂરો

ઉપયોગ કરવાનો છે. ઝડપી વિકાસની કોઈપણ સંભાવનામાં દેશનો કોઈ ખૂણો પાછળ ન રહેવો જોઈએ. આ સંભાવનાઓને મજબૂત કરવા માટે ભારત સરકારે વિકસિત ભારતનો આધાર તૈયાર કરી દીધો છે. ભારત દેશનો ઈતિહાસ પ્રાચીન અને સૂર્ય જેટલો જ તેજસ્વી છે, તો સાથે સાથે આકાશ જેવો વિશાળ પણ છે. જ્ઞાન અને સમૃદ્ધિથી સુશોભિત, શૌર્ય, આધ્યાત્મિકતા અને કલાત્મકતાથી છલકાતા ગૌરવશાળી ભારતને જ્યારે અંગ્રેજ શાસને ગુલામીની બેડીમાં બાંધી દીધું, ત્યારે સ્વાતંત્ર્ય પ્રેમીઓએ અલખ જગાવી. અસંખ્ય બલિદાનનો પછી ભારત અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયું. પરંતુ જે દેશને એક સમયે સાપ પાળનારાઓ મદારીઓનો દેશ કહેવામાં આવતો હતો, તે પ્રથમ પ્રયાસમાં જ મંગળ પર પહોંચી ગયો. 'મેક ઈન ઈન્ડિયા' આ ત્રણ શબ્દોએ દેશનું નામ વિશ્વમાં ઊંચું કરી દીધું.

આજે દરેક ઘરમાં વીજળી છે, દરેકના હાથમાં મોબાઈલ ફોન છે, દરેક ખિસ્સામાં ડિજિટલ ઓળખ છે દરેક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર થાય છે, દરેક રસોડામાં સ્વચ્છ ઈંધણ છે અને દરેક ઘરમાં શૌચાલયની સુવિધા છે, જે સન્માનભર્યું જીવન આપે છે. સ્વચ્છતા અને યોગ નવા ભારતના સંસ્કાર બની ગયા છે. વસુધૈવ કુટુંબકમની ભાવનાથી સમગ્ર વિશ્વ આપણો પરિવાર હોવાની એક વિચારધારા બની ગઈ છે. અંગ્રેજો દ્વારા જે ભારત વિખેરાઈ જવાની આગાહી કરવામાં આવી હતી તે આજે **140** કરોડની વસ્તી ધરાવતી વિશાળ લોકશાહી બની ગયું છે.

ભારતમાં **G20** સમિટનું અભૂતપૂર્વ આયોજન વિશ્વ સ્તરે ખ્યાતિ પાત્ર બન્યું જેમાં સર્વાનુમતે દિલ્હી ડેકલેરેશનની સ્વીકૃતિ સૌ ભારતીયો માટે ગૌરવની વાત રહી. આફ્રિકન યુનિયનને **G20** સંગઠનમાં સમાવી ભારત વિકસિત અને વિકસતા દેશોની સાથે છે તેવો સંદેશ વિશ્વને આપ્યો છે. **G20**નું આવું સફળ આયોજન અન્ય દેશો માટે એક ચેલેન્જ બની જશે.ચંદ્રયાન પર તિરંગો લહેરાતો નિહાળવો એ આપણા સૌનું સૌભાગ્ય છે. ઈસરોને વિશ્વની શ્રેષ્ઠ અવકાશ સંસ્થા બનાવવાનું લક્ષ્ય આપણે રાખ્યું છે.

માતૃશક્તિના સન્માનનું શ્રેષ્ઠ ઉદાહરણ નારી શક્તિ વંદના અધિનિયમ થકી આપ્યું છે. આ કાયદાથી મહિલા શક્તિને નેતૃત્વમાં ભાગીદારી આપી મહિલા સન્માનના આપણા પ્રાચીન સંસ્કારોને કાયદાના વાઘા પહેરાવવામાં આવ્યા છે.

ગુજરાતમાં આવનાર જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું ભવ્ય આયોજન થવાનું છે.વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વન ટાઈમ ઈવેન્ટમાંથી ઈન્સ્ટિટ્યૂશન બની ગઇ છે. આઈડિયા, ઈમેજીનેશન અને ઈમ્પ્લીમેન્ટેશન જેવા કોર એલીમેન્ટ વાઈબ્રન્ટ સમિટની સફળતામાં સામેલ છે.વાઈબ્રન્ટ સમિટ ગુજરાતીઓની ક્ષમતા અને વિવિધ સેક્ટર્સમાં રહેલી સંભાવનાઓને વિશ્વ સમક્ષ મુકવાનું એક માધ્યમ બની છે. દેશના ટેલેન્ટનો વિશ્વને પરિચય આપવાનું અને ગુજરાતની દિવ્યતા, ભવ્યતા અને સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરવાનું માધ્યમ આ વાઈબ્રન્ટ સમિટ બની છે.ગુજરાતે અલગ-યુનિક રીતે વિચાર્યુ. વાઈબ્રન્ટ સમીટમાં કોઈ ડેવલપ્ડ નેશનને પાર્ટનર કન્ટ્રી બનાવવાનું જ્યારે કોઈએ વિચાર્યું ન હતું પણ ગુજરાતે કરી દેખાડ્યું.


છેલ્લા બે દાયકામાં ગુજરાતે ઓટોમોબાઇલ, મેન્યુફેક્ચરિંગ, કેમિકલ, ડાઈઝ અને ઈન્ટરમીડિયેટ્સ, ફૂડ પ્રોસેસિંગ, મેડિકલ ડિવાઈસ મેન્યફેક્ચરીંગ, પ્રોસેસ્ડ ડાયમંડ, સિરામિક સહિતનાક્ષેત્રોમાં નવા સોપાનો સર કર્યા છે. ગુજરાત દેશનું ટોપ એક્સપોર્ટર રાજ્ય બની ગયું છે.

ગુજરાતે ગત વર્ષે લગભગ 2 બિલિયન યુએસ ડોલરનું એક્સપોર્ટ કર્યું હતું. આવનારા સમયમાં ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ બહુ મોટા ક્ષેત્ર તરીકે ઊભરી આવવાનું છે.

વીતેલા દાયકાઓમાં દેશના લોકોએ તેમના કાર્યથી ભારતની મજબૂત છબી બનાવી છે. આઝાદીના અમૃત કાળ એટલે કે આવનારા 25 વર્ષમાં અપેક્ષાઓ હજુ પણ વધી ગઈ છે. કારણ કે આજે ભારતનો દરેક નાગરિક પોતે જ સફળતાની ગાથા પણ છે અને તેનો વાહક પણ છે.

દુનિયા માટે 21મી સદી એ ભારતની સદી છે. આ વાત આપણે સતત સાંભળીએ છીએ, પરંતુ આ સદી ભારત માટે કર્તવ્યોની સદી છે. આપણે આ સદીમાં, આગામી 25 વર્ષમાં નવા ભારતના સ્વર્ણિમ લક્ષ્ય સુધી પહોંચવાનું છે. ફક્ત આપણા કર્તવ્યો જ આપણને આ લક્ષ્ય સુધી લઈ જશે. તેથી જ, આ 25 વર્ષ દેશ માટે કર્તવ્ય પથ પર ચાલવાના વર્ષો છે. આ કર્તવ્ય ભાવનાથી પોતાને સમર્પિત કરવાનો કાળખંડ છે.

# શ્રદ્ધા - સબુરી રાખો સાહેબ, એજ સાચો સથવારો...





**હરિસિંહ સોઢા**
સેકસન ઓફિસર
સચિવાલય-ગાંધીનગર
(ભૂતપૂર્વ વિદ્યાર્થી)


આવે એને આવકારો સાહેબ,જાય તેને જાકારો
ઉતારો હળવેક શિરેથી,ખોટી આશાઓનો ભારો
ભરતી ભેળી ઓટ સાહેબ,એ છે દરિયાનો ધારો
પાણી આઘા-પાછા થાય,ઊભો ત્યાં જ કિનારો
ઉગતાં સૂરજને સૌ કોઇ પૂજે,ડુબતાને તમે તારો
ચડતી-પડતી ચાર દિવસ સાહેબ,વારા પછી વારો
આવન-જાવન ચાલુ સાહેબ,અડગ છે ધ્રુવનો તારો
અનંત ચક્કીમાં બધું દળાઇ જશે,કરશો ન ધખારો
સૂકા ભેગુ લીલું ભડ ભડ બળે,દાવાનળનો વરતારો
શ્રદ્ધા -સબુરી રાખો સાહેબ,એજ સાચો સથવારો



# નાનકડું કોડિયું



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

અંધકાર દૂર કરી પ્રકાશ પાથરવાનું કામ કરતું કોડિયું ભલે નાનું હોય પરંતુ પોતાની ક્ષમતા પ્રમાણે વાતાવરણમાં ઉજાસ ફેલાવે છે. કોઇ પણ ખૂણામાં રહીને પણ ટમટમતું કોડિયું એ વાતની પ્રતીતિ કરાવે છે કે પ્રકાશ પાથરવા માટે પોતે પોતાની જાતને જલાવવી પડે છે. વળી કોડિયું ત્યાગનું પણ પ્રતિક છે.

અસંખ્ય નાના નાના કોડિયાઓ દ્વારા દિપમાળાનું સર્જન થાય છે. નાના નાના સંકલ્પોથી જ હંમેશા આગળ જતા મહાન કાર્યો સિધ્ધ થાય છે . બધી શક્તિને કામે લગાડવાથી ખંતપૂર્વક કરેલા પ્રયત્નો કદી એળે જતા નથી. નાનકડું કોડિયું નિર્બળ વિચારોને ફેંકી દઈ સમર્પિત થવાનો ગુણ પણ સૂચવે છે. હંમેશા બીજા માટે બળતું કોડિયું  કોઈપણ બદલાની આશ વિના હંમેશા ઝગમતું રહે છે.

દિવાળીના તહેવારો જ્યારે ખૂબ નજીક આવી રહયા છે ત્યારે બજારોમાં આ નાનકડા રંગબેરંગી કોડિયા પોતાની આગવી છાપ ઊભી કરે છે. જો કે સમય બદલાયો છે ત્યારે માટીના કોડિયા ની સાથે સાથે હવે ધાતુના દિવા પણ મળતા થયા છે. છતાં પોતાની અલગ મહત્વતા પુરવાર કરવામાં કોડિયું જરાયે પાછળ નથી. ભલે ને કેટલીયે રોશની ફેલાવતી વિવિધ પ્રકારની સીરીઝો, લાઇટો ઘરમાં , શહેરોમાં ગોઠવાતી હોય છતાં દિવડાનું સ્થાન કોઇ લઇ શકે એમ નથી. કોઇપણ ધાર્મિક, સામાજિક કે યજ્ઞીય કાર્યમાં આ કોડિયામાં થતો દિવો શુભ માનવામાં આવે છે. શહેરીકરણ અને યાંત્રિકીકરણના લીધે કોડિયા બનાવતા કારીગરોની સંખ્યા પણ દિન પ્રતિદિન ઘટી રહી છે છતાં પણ કારીગરો દ્વારા બનાવાતાં આ કોડિયામાં પણ નવીનતાનો ઉમેરો થવા લાગ્યો છે. કોડિયા વેચતા સામાન્ય કારીગરોની રોજગારીમાં વધારો થાય તે માટે આપણે તેમની પાસેથી ખરીદી કરીને આત્મસંતોષ લેવો જોઈએ.

માટી માંથી બનતું કોડિયું એ વાતનો પણ સંદેશ આપે છે કે આપણો આ માનવ દેહ પણ માટી માંથી જ બન્યો છે અને તેમાં જ વિલીન થવાનો છે તેથી પોતાનાથી શક્ય એટલા સત્કાર્યો કરીને , અંધકાર ને દૂર કરી સંકટ સામે બાથ ભીડીને પણ અસ્તિત્વ ટકાવવાનો પ્રયત્ન કરવાનો છે. શક્તિશાળી સૂર્યનું સંતાન આ નાનકડું કોડિયું સદાય પોતાની બધી શક્તિ કામે લગાડી અંધકાર મીટાવવા તત્પર રહેવાનું કહે છે.

આપણે પણ આપણા જીવનમાં પ્રકાશ ફેલાવવા આ કોડિયાને નજર સામે રાખી શુભ સંકલ્પ સાથે જીવવાનો પ્રયત્ન કરીએ.

# ગામડાઓમાં ઘરમાં/મકાનમાં
# કઈ વસ્તુને આપણે કયા નામે ઓળખતા



શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિધાયલય.

(૧) ખોરડું : - કાચું ગાર માટીની દીવાલવાળું દેશી નળિયાં અને વાંસની પટ્ટીઓથી (જેને આપણે વંઝીઓ કહેતા) બનાવેલ રહેઠાણ

(૨) પછીત : - ઘરની પાછળની દીવાલ

(૩) કરો : - જેના પર મોભ (મજબૂત લાકડું) ટેકવ્યું હોય એ મકાનની બે સામ સામેની દીવાલ,

(૪) મોભારુ/મોભ : - બે દીવાલમાં કરાની દીવાલને જોડતું મજબૂત લાંબુ લાકડું,

(૫) ભડો/ ભડુ :- એ દીવાલ કે જ્યાં બારસાખ (બારણું) મુકવામાં આવે,

(૬) બારસાખ :- મજબૂત લાકડામાંથી બનાવેલું ચોકઠું કે જેમાં કમાડ (બારણું) ફીટ કરવામાં આવે,

(૭) ઘોડલિયા : - બારસાખને સાંધતા બે ઘોડલા કે જેના પર લગ્ન પ્રસંગે ભરત ગૂંથણ કે તોરણ મૂકી સુશોભન કરી શકાય,

(૮) પાણિયારુ : - જેમાં ગોળો, હેલ, કળસિયો (લોટો), પ્યાલો (ગ્લાસ) મૂકવાની જગ્યા કે જે ઓસરીમાં પડતી રાધંણીયાની બહારની દીવાલમાં સ્થિત હોય છે,

(૯) ફલી :- જે પાણીઆરાની બાજુમાં લાકડાની બનાવેલ હોય,

(૧૦) રાધંણીયુ :- ગાર માટીથી લીપેલી એક અલાયદી ઓરડીવાળી જગ્યા,

(૧૧) આગંણુ :- ઘરની આગળનો ભાગ જેને ગાર માટીથી લીપીને બનાવેલ હોય,ઘરની આગળની ખુલ્લી જગ્યા કે જે ઘરની ચોતરફ અથવા આગળની જગ્યા કે જેની ફરતે વંડી હોય છે, ગામડા ગામમાં આગંણામાં તુલસીનો ક્યારો, ગાય-બળદની ગમાણ (કોઢ કે ઢાળિયું) એકાદ વૃક્ષ હોય છે, જે ઘરની શોભાને ચાર ચાંદ લગાવે છે.

(૧૨) ઓસરી :- ઘરમાની આગળનો ભાગ

(૧૩) ઘરમો :- ઓસરીની પાછળનો ભાગ,જ્યાં ધન,ધાન્ય,ગાદલા ગોદળા,ઘરવખરી રખાય,

(૧૪) દોઢી :- ઓસરીની આગળનો ભાગ,

(૧૫) મજુસડો :- માટીનો બનાવેલ એક ટાઈપનો કપાટ,જે ઘરમા માં રખાતો

(૧૬) ડામચીઓ :- ગાદલા ગોદળા રાખવા માટે ટેબલ જેવું ત્રણ પાયા વાળી બનાવેલ વસ્તુ,જે ઘરમા માં અથવા ઓસરી,ઓરડીમાં રખાતો

(૧૭) પટારો :- લાકડાની મોટી કપાટ જેવી પેટી,જે ઘરમા માં રખાતો,

(૧૮) કોઠીલુ :- જે માટીમાંથી બનતું, એમાં અનાજ ભરાતું, એ ઘરમા માં રખાતુ,

(૧૯) મણ :- જે માટીમાંથી બનતો મોટા ઘડા જેવું પણ પેટ વાળું,

(૨૦) ગાગેળી :- નાનો માટીનો ઘડો

# ઓ મારા પ્યારા વતન



પ્રગતિ જે. સથવારા
ધોરણ- ૯

ઓ મારા પ્યારા વતન
તારી વાત રે........
મારી આંખોને સદા ભીંજવતી
રે લોલ ........
ઓ મારા ન્યારા વતન
તારી યાદ રે.......
મારી નજરોને સદા ખીલવતી
રે લોલ ........
તારી આંખોમાં કેસરીયું ઝરણું વહે.
તારી નજરોમાં લીલી હરિયાળી રહે.
તારા રતન ઝળકે .........
તારા રતન ઝળકે છે જાણે તારલા એનું
અજવાળું ઊંચા આકાશમાં રે લોલ ......
ઓ મારા પ્યારા વતન.......
ઓ મારા ન્યારા વતન......
તારા મસ્તકે કશ્મીરી મુગટ શોહે
તારા ચરણોમાં કૃષ્ણા – ગોદાવરી વહે
તારા કંઠ માં ........
તારા કંઠ બ્રહ્મનો સાદ જાગે એનો નાદ વાગે
છે ઊંચા આભલે રે લોલ.......
ઓ મારા પ્યારા વતન તારી
વાત રે.......
મારી આંખોને સદા ભીંજવતી રે
રે લોલ .......
ઓ મારા ન્યારા વતન
તારી યાદ રે....
મારી જનરોને સદા
ખિલવતી એ લોલ.......
(લેખક :- કે.એસ. મોઢવાડીયા)

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા







ધ્રુવી જે.જોષી
ધોરણ- ૯



હિરલ ડી. રાઠોડ
ધોરણ- ૯











ભુમિ જે. સથવારા
ધોરણ- ૧૨





અલ્કા કે. સથવારા
ધોરણ- ૯

## એકતા દિવસની ઉજવણ







# નવરાત્રી મહોત્સવ





# સફાઇ ઝુંબેશ

## શાળાના શિક્ષિકા રેખાબેન જે. ચાંચુ અને વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરવામા આવેલ રંગોળી





